ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

"હજુ બજારમાં દિવાળીની ચમક દેખાતી નથી..!"

'આવશે... આવશે... ચમક આવશે..!! દર વખતે તમે આજ ડાયલોગ બોલો છો... અને ધનતેરસે ભારે ભીડની વાતો કરો છો..!!"

"ના ના..!! દર વખત જેવું પણ નથી..! ઉમળકો જ નથી દેખાતો..! જાણે બધું યંત્રવત..!"

"હવે શું કરીએ..?! ટેકનોલોજીના ઘાટ ઉપર આપણે બેઠા છીએ..!! મોબાઈલ-ફેસબુક-ટ્વીટર-વોટ્સએપમાં એટલા બધા વ્યસ્ત છીએ કે લાગણી જોવાનો કે લાગણી અનુભવવાનો સમય છે... આપણી પાસે..!?!"

"હૈયાની વાત હોઠ ઉપર લાવી દીધી હોં તમે..!! ફેસબુક ઉપર વાત કરતાં આપણે હવે ફેસ ટુ ફેસ વાત નથી કરી શકતા..! ખરૂને..?!"

"અરે સાહેબ..! ફેસ ટુ ફેસની ક્યાં વાત કરો છો..? પોતાની જાત સાથે પણ વાત નથી કરી શકતા..! એટલા બધાં અસહાય બનતા જઈએ છીએ..! અને રોજેરોજ મગજમાં ઠાંસીઠાંસીને માહિતીઓ ઠાલવીએ છીએ..!! પછી ક્યાંથી હોય ઉમળકા..?!"

"આપણે તો વિવેકમાં વખણાતા'તા... આપણી સમજણ ઘસાતી જાય છે..! સંવેદના તો બુઠ્ઠી થઈ ગઈ છે..! અને બધું થાય છે... બધુ ચાલે છે... પણ અર્થ વગરનું... ભાવ વગરનું... ચાલે...લે... છે..!!"

"ખુબ સાચી ચિંતા છે સાહેબ..! ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ... થવો જોઈએ... પણ એનો વિવેક જાળવવો જોઈએ..!! જાતના ભોગે નહિ... સ્વજનોના ભોગે નહિ... આનંદના ભોગે નહિ... અને લાગણીઓના ભોગે નહિ..!!"

"પણ આ બધું કોણ-કોને શીખવશે..?! સભી મસ્ત હૈ..! કોઈને કાંઈક તો કોઈને ક્યાંક... માહિતીઓ આપવી છે ને માહિતી જોઈએ છે..! જાણવું છે... અને જણાવવું છે..!! દુનિયા સાથે તાલ મિલાવવાના નામે સ્માર્ટફોન સરળ જીવન પર હાવી થઈ ગયા છે... એટલે ઉમળકો નથી દેખાતો..!!"

"એ ખરૂ... પણ પર્વો ને પ્રસંગોએ તો ઉમળકો દેખાવો જોઈએ ને..?! ભલે મન પાંચમના મેળાનો ભાવ ન પ્રગટાવી શકીએ પણ મનને 'મન' તો રહેવા દઈએ..!!"

"હવે તો ઉજવણીની નવી ફેશન આવી છે... ઓનલાઈન શોપીંગ... મોબાઈલમાં રંગોળી... શુભેચ્છાઓ ફેસબુક અને વોટ્સએપમાં...ગીત-સંગીત યૂ ટ્યૂબમાંથી... ફટાકડાનો અવાજ ફેસબુકમાંથી... અને નાના મોટા ટૂચકા અને સુવાક્યો... રોજ સ્માર્ટફોનથી ઠલવાયા જ કરે છે... હવે ક્યાં ઉજવણી તમને ફીકી લાગે છે... મોળી લાગે છે..?"

"ઉજવણી તો સાહેબ સમુહમાં હોય..!"

"હા... ભાઈ... હા..! ટેકનોલોજીના કેટલાક ફાયદા છે ને કેટલાક ગેરફાયદા ય છે એ તો સ્વીકારવું જ રહ્યું..!! અને થોડાક વર્ષો આવું ચાલશે..! વળી પાછુ નવું કંઈક આવશે... અને આ ભુલાતુ જશે... ભુસાંતુ જશે..!! પરિવર્તન જગત સત્ય છે..! એટલે ચલિત-વિચલિત થવું નહિ..!!"

"હં...અ..! આમાં ક્યાં ચલિત-વિચલિતનો સવાલ છે..! સંસાર સત્યો તો પચાવવા જ પડશે ને..?! આપણે તો માત્ર ચર્ચાના માધ્યમથી લાગણીઓ વ્યક્ત કરીએ..! બાકી તો..!!"

● અનુસંધાન પાન-૭ પર

દિવાળીનો ઝગમગાટ - દિવાળીના આગમનના પગલે બજારમાં અવનવી સીરીઝ ખડકાઈ છે... કોડીયાથી સીરીઝ સુધીની પ્રકાશ પર્વની યાત્રા હવે અદ્યતન મોડ પર આવતી જાય છે... અવનવા આકારમાં, રંગબેરંગી ચમકારા સાથેની સીરીઝનું આકર્ષણ વધતુ જાય છે...

# સે. ૨૯ અને ૮માંથી બે ડેન્ગ્યુના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે. ૨૯ અને સે. ૮માંથી ડેન્ગ્યુના બે કેસ મળી આવ્યા છે. શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા આ સાથે ૧૧ પર પહોંચી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે મળેલા ડેન્ગ્યુ કેસના બન્ને દર્દી મહિલા છે. ગત વર્ષની તુલનામાં આ વખતે ડેન્ગ્યુના કેસ ઓછો જોવા મળી રહ્યા છે. જો કે મેલેરિયાના છુટા છવાયા કેસો મળ્યા છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરવામાં આવ્યું છે તેમજ ફોગીંગ સહિત એન્ટી લારવેલની કામગીરી પણ કરવામાં આવી છે.

તંત્ર દ્વારા શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા અંગે જન જાગૃતિ અભિયાન પણ સઘન બનાવવામાં આવશે. તાજેતરમાં કન્સ્ટ્રક્શન સાઈટના મજૂરોનો એક વર્કશોપ પણ તંત્ર દ્વારા યોજવામાં આવ્યો હતો.

# ભાજપના પેજ પ્રમુખ સંમેલનમાં ગાંધીનગરના ૪ હજાર કાર્યકરો જોડાશે

**ભાટ નજીક યોજાનારા વિશાળ પેઇજ પ્રમુખ સંમેલનને અનુલક્ષી બુથ વાઇઝ બેઠકોનો દૌર**

ગાંધીનગર તા ૧૩

ગુજરાત વિધાનસભાની ચુંટણી માથે છે. ત્યારે રાજકીય પક્ષો મતદારોને આકર્ષિત કરવા મથામણ કરી રહયા છે. રાજકીય પક્ષોમાં ચુંટણીલક્ષી તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. ભાજપ પણ પોતાના ગઢમાં ગાબડા ન પડે તે માટે પુર્વતૈયારી રૂપે એક બાદ એક કાર્યક્રમ હાથ ધરી ચુંટણીના મેદાનમાં ઉતરવા સજ્જ થઇ રહયુ છે. ભાજપ આયોજિત ગૌરવ યાત્રાના અંતિમ દિવસે તા ૧૬ ઓકટોબરના રોજ મતદારયાદીના નિમાયેલા પેઇજ પ્રમુખોનુ સંમેલન પણ યોજાશે. જેમાં ગાંધીનગર મહાનગર વિસ્તારમાંથી ૪ હજાર જેટલા ભાજપના કાર્યકર્તાઓ જોડાશે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીના પુર્વે હાલ રાજકીય પક્ષોમાં તૈયારી ગળાડુબ બન્યા છે. ચુંટણી મેદાનમાં જીતની બાજી મારવા બન્ને પક્ષ એડી ચોટીનુ જોર લગાવવા સજ્જ થઇ રહયા છે.ગુજરાતમાં હાલ ભાજપની ગૌરવ યાત્રા નિકળી રહી છે. જયારે ગૌરવ યાત્રાના

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં ટાઈ પડી

ગાંધીનગર, તા. ૧૩

દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખની આજે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસના ઉમેદવારોને સરખા-સરખા મત મળતાં ટાઈ પડી હતી. બે સભ્યોના મત સીલબંધ કવરમાં પેક કરવામાં આવ્યા છે અને કોર્ટના ચુકાદા પછી તે ખોલવામાં આવશે.

સમગ્ર જિલ્લામાં ભારે રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આ કશ્મકશ જંગ આજે યોજાયો હતો. કોંગ્રેસે આ જંગમાં ભાજપે સભ્યોને લોભ, લાલચ અને ધમકી આપી તોડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હોવાનું જણાવી તંત્રના અધિકારીઓ સામે આક્ષેપો કર્યા છે.

કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતને તોડીને ભગવો લહેરાવવા ભાજપની મેલી મુરાદનો પુરાવો ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટેની ચૂંટણીમાં દેખાયો છે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે. દહેગામ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી આશાબા ઝાલાએ કોંગ્રેસમાં પરત આવીને પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું હતું. જેના કારણે આજરોજ દહેગામ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષની સ્પષ્ટ બહુમતી હોવા છતાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ કોંગ્રેસ પક્ષના સદસ્યોને લોભ, લાલચ, ધાક-દમકી અને પ્રલોભન આપીને તાલુકા પંચાયત દહેગામ હસ્તગત કરવા માટે મરણીયા બની ગયા છે. જેમાં તેમને સીધી રીતે ચૂંટણી ન જીતી શકાય તેવું જણાતા જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી ભેગા મળીને કોંગ્રેસના એક સદસ્યને વધુ બાળકો ધરાવતા કારણસર સભ્યપદેથી અસમર્થ જાહેર કર્યા છે. અને ચૂંટણીના આગલા દિવસે તા. ૧૨-૧૦-૧૭ને મોડી રાત્રે જિલ્લા પંચાયત કચેરી ખુલ્લી રાખીને ગેર કાયદેસર હૂકમ કરીને રાતો રાત કોંગ્રેસ પક્ષના સદસ્યને બજાવી દીધો હતો.

તેનાથી ઓછુ ન ખપતુ હોય તેમ તાલુકા પંચાયતમાં સતત ૪ મીટીંગમાં ગેર હાજર રહેતા ભાજપી સદસ્યને તાલુકા પંચાયતની સામાન્ય સભાએ દૂર કર્યો હોવા છતાં જિલ્લા વિકાસ અધિકારીએ તાલુકા પંચાયતને મળેલી સત્તા અને અધિકારની રૂએ ભાજપી સદસ્યને દૂર કરતા હૂકમની અમલવારી પણ કોઈ પણ જાતના વ્યાજબી કારણ સિવાય મોકુફ રાખવાનું પણ હૂકમ કર્યો છે.

# શહેરમાં ત્રણ ઠેકાણે એલ ઈ ડી લાઈટના મીટરો તુટયા : કોપર વાયરની ઉઠાંતરી

**પત્થરો મારી મીટર તોડી નંખાતા લાઇટો ડુલ : સીસીટીવી ફુટેજનુ નિરિક્ષણ કરવા તંત્ર પોલીસની મદદ લેશે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પ્રબળ બની છે. ત્યારે સેકટરોમાં ઢગલાબંધ ફરિયાદો ઉઠવા પામી હતી. જો કે ચોમાસા દરમિયાન વરસાદી પાણી લાઈટીંગ પોલમાં ઉતરવાની સાથે આડેધડ ખોદકામના લીધે સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો વધી હોવાનો આક્રોશ પણ તંત્રએ વ્યકત કર્યો છે. શહેરમાં એલ ઈ ડી પ્રોજેકટ અમલી બનાવાયા બાદ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી હોવાનુ પણ મનાઈ રહયુ છે. ત્યારે સેકટરોમાં એલ ઈ ડી લાઈટને જગમગતી રાખવા માટે વિવિધ ૧૫૦ ઠેકાણે મીટરો મુકવામાં આવ્યા છે. જેમાં ઓટોમેટીક લાઈટો ઓન ઓફ થાય તેવી સિસ્ટમ ગોઠવવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં મીટરો સાથે ચેડા થતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં તસ્કરો પત્થરો મારી મીટરને તોડી તેમાંથી કોપર કેબલની ઉઠાંતરી કરી પલાયન થઈ જાય છે.

શહેરમાં સ્ટ્રીટલાઈટો ડુલ રહેતી હોવાની લાઈટોની ફરિયાદ નિવારવા માટે તંત્ર પ્રયત્નશીલ હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના મીટરો તોડીને તસ્કરો કોપર કેબલની ઉઠાંતરી કરતા હોવાના ત્રણ કિસ્સા ધ્યાને આવ્યા છે. જેના લીધે માર્ગો પર લાઈટો ડુલ થવાના લીધે અંધારપટ્ટ છવાઈ જતો હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી છે. શહેરમાં ત્રણ સ્થળે મીટરો તુટતા આ મામલે સી સી ટી વી ફુટેજની ચકાસણી કરવા પોલીસતંત્રને પણ તંત્ર દ્વારા જાણ કરી રજુઆત કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું

મારા માતુશ્રી **કલાવતીબેન અંબાલાલ રાવલ** તા. ૧૧/૧૦/૨૦૧૭ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૧૫/૧૦/૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :** ઝુલેલાલ સિંધુ ધામ, ઉદય ભાણસિંહજી કોલેજ સામે, ૨૧-૩૦ બસ સ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર

**લિ.**

કિરણબેન પ્રમોદકુમાર રાવલ — પ્રમોદકુમાર અંબાલાલ રાવલ
પલ્લવીબેન જયેશકુમાર રાવલ — જયેશકુમાર અંબાલાલ રાવલ
માનસી પાર્થ રાવલ — પાર્થ પ્રમોદકુમાર રાવલ
વ્રજેશ જયેશકુમાર રાવલ

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**

## શ્રીમાળી બ્રાહ્મણ બેસણું

અમારા પરમ પૂજ્ય માતુશ્રી **પ્રતાપલક્ષ્મી વસંતરાય ઓઝા** (ઉ.વ.૮૫)નું તા.૧૩-૧૦-૨૦૧૭ને આસોવદ ૯નાં રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૧૪-૧૦-૨૦૧૭ને શનિવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રાજપૂત સમાજવાડી, સિવીલ હોસ્પિટલ પાછળ, માધ્યમિક શાળા સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર,મો.૯૮૭૯૦ ૫૮૦૪૦**

ડો. હરેન વી. ઓઝા — અ.સૌ અરૂણા હેરન ઓઝા
ડો. ઉર્વિ દિપક મહેતા — ડો. દિપક એલ. મહેતા
ડો. વિજય વી. ઓઝા — ડો. નિરીમા વિજય ઓઝા
ડો. તૃપ્તિ નયન પારેખ — ડો. નયન એમ. પારેખ

## હાર્દિક અભિનંદન

**શ્રી જનકકુમાર કનુભાઈ બ્રહ્મભટ્ટ (કંબોયા)**

ગુજરાત પોલીસ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ખાતાકીય પરીક્ષામાં આપ રાજ્યભરમાં સારા ગુણ સાથે પી.એસ.આઈ. તરીકે પાસ થવા બદલ હાર્દિક શુભેચ્છાઓ તેમજ આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ...

**શુભેચ્છક**

માનસિંહ એચ. રાવ — રણજીતસિંહ પી. રાવ
શ્રીમતી કૈલાશબેન એમ. રાવ — દલપતસિંહ પી. રાવ
હિમાંશુ એમ. રાવ — વિજયાકુમારી એચ. રાવ

## ગાંધીનગરનું ગૌરવ

**ગાંધીનગર સ્થિત પ્રેરણા વ્યાયામ શાળાના સંચાલક શ્રી પ્રદીપસિંહ બિહોલાને ગાંધીનગરમાં વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓ, યોગાસન વર્ગો તથા રમતગમત પ્રવૃત્તિઓનાં ઉમદા કાર્ય બદલ ગુજરાત સરકાર દ્વારા વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી એવોર્ડ તથા પુરસ્કાર પ્રાપ્ત થયો છે, તે બદલ સરસ્વતિ વિદ્યાલય, સે-૬ પરિવાર ગૌરવ અનુભવતાં તેઓશ્રીને હાર્દિક અભિનંદન પાઠવે છે.**

**શુભેચ્છકશ્રી**

મુકેશભાઈ કે. પટેલ, ટ્રસ્ટીશ્રી — સુરેશભાઈ ડી. પટેલ, ટ્રસ્ટીશ્રી
મહેન્દ્રભાઈ પી. પટેલ, ટ્રસ્ટીશ્રી — નિરંજનાબેન પી. બિહોલા, ટ્રસ્ટીશ્રી
સોલંકી ગોપાલસિંહ એન. (આચાર્યશ્રી, માધ્યમિક)
વાઘેલા મિનળબેન બી. (આચાર્ય, પ્રાથમિક)
પ્રજાપતિ મફતભાઈ એસ. (ક્લાર્ક)

ઠાકોર ધર્મેશ સી. — પટેલ કલ્પનાબેન ડી. — ઠાકોર કરૂણાબેન એન.
ચૌહાણ ગૌતમ પી. — ઠાકોર ગીતાબેન એ. — સાધુ આરતીબેન આર.
લેઉવા મધુબેન એમ. — સુનરિયા મિત્તલબેન કે. — પટેલ પ્રિતીબેનવ એચ.
ખેર કિમ્પલબેન બી. — રાવળ પૂનમબેન પી. — પરમાર ભાવનાબેન કે.
મુનિયા પિંકલબેન બી. — ત્રિવેદી પ્રિયદર્શીબેન એચ. — પરમાર કૈલાસબેન આર.
સોલંકી કિંજલ ડી. — વાઘેલા કોકિલાબેન કે.


# ઝારખંડ વિધાનસભાની પ્રદુષણ નિયંત્રણ સમિતિના સભ્યો ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર તા ૧૩

ઝારખંડ વિધાનસભાની પર્યાવરણ અને પ્રદુષણ નિયંત્રણ સમિતિના ૮ સભ્યો ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે છે. આ દરમિયાન આ સભ્યો ગાંધીનગર અમદાવાદના જોવાલાયક સ્થળો મુલાકાત લેશે. સમિતિના સભ્યોએ પ્રદુષણ નિયંત્રણ બાર્ડના અધિકારીઓ સાથે પર્યાવરણ અંગે બેઠક પણ કરી હતી.ઝારખંડ વિધાનસભાની પર્યાવરણ અને પ્રદુષણ સમિતિના ૮ જેટલા સભ્યો હાલ ગુજરાતના પ્રવાસે છે. તા ૧૨ થી ૧૪ ઓકટોબરના પ્રવાસ દરમિયાન તેઓ ગઈકાલે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ સાથે બેઠક કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## અભિનંદન

**પ્રદીપસિંહજી બિહોલા**

**"માફ કર નિષ્ક્રિયતા એ મારાથી બનશે નહિ, હું હોઉ ને જગતને મારી ખોટ વરાયા કરે..!"**

*આપશ્રીએ આ ઉક્તિને ચરિતાર્થ કરી છે. અને તેથી જ સરકારશ્રીએ આપની સેવાકીય પ્રવૃત્તિઓ અને ખાસ કરીને રમત-ગમત તથા વ્યાયામ પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવા બદલ છોટુભાઈ પુરાણી એવોર્ડથી સન્માનિત કર્યા છે. આ ગૌરવ એવોર્ડ મેળવવા બદલ આપશ્રીને* ***ખૂબ ખૂબ અભિનંદન....***

**આપ થકી અમે સૌ ગૌરવાન્વિત...**

નિરૂબા વાઘેલા
સ્વાતિબા રાઓલ — કીર્તિદેવસિંહ રાઓલ
મનિષાબા વાઘેલા — હિતેનસિંહ વાઘેલા
નીતિનભાઈ જોષી
પ્રાચિબા, મિશ્વાબા, રૂદ્રસિંહ

## ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com